# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૦૦ • તા.૦૯ માર્ચ થી ૧૫ માર્ચ ૨૦૨૪


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ જિનાલયના
# ૧૫૮મા ધ્વજારોહણના
# ત્રિદિવસીય ઉત્સવની ઉજવણી

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-ઃ સંપાદક ગણ ઃ-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-ઃ કાર્યાલય ઃ-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ ઃ** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# આપણી નકારાત્મક મનોવૃત્તિને બદલીએ

જીવનમાં દરેક બાબતોની બે બાજુ હોય છે. નકારાત્મક અને હકારાત્મક. કોઈપણ પરિસ્થિતિનો સામનો આ બન્નેમાંથી કોઈપણ એક રીતે થઈ શકે છે. જે નિર્ણાયત્મક થાય છે. જે વ્યક્તિ નકારાત્મક વિચારધારા ધરાવે છે તેને માટે બધું નકારાત્મક થઈ જશે અને જે વ્યક્તિ સકારાત્મક વિચારધારા ધરાવે છે તેને માટે બધું સારું વિધાયક થઈ રહેશે. આપણી આસપાસ ઘડાય છે તેના સ્ત્રોત આપણે પોતે જ હોઈએ છીએ. આપણું મન જેવું હશે તેવું આપણને દેખાશે. એટલે જ તો કહેવાયું છે કે જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. દરેક બાબતમાં આપણું વલણ ખોડખાંપણ કાઢવાનું જ હોય તો સારું ક્યાંથી દેખાવાનું? ખરાબ નજર, ખરાબ વૃત્તિ એ સામેવાળામાં ખામી નથી આપણી પોતાની ખામી છે. આપણામાં ખરાબી રહેલી છે જે કોઈનું સારું જોઈ શકતી નથી. આપણા સ્વભાવની વક્રતા અન્યનું સારું સાચુ જોઈ શકતી નથી. જીવનમાં સતત નકારાત્મક ભૂમિકા માણસને કોરી નાખે છે. કારણ કે આ નેગેટિવી આપણી ચેતન, શક્તિ અને ઓજસનો અસ્ત કરી દે છે. આ નકારાત્મક વિચારધારા આખરે યાતના, દુઃખ અને પીડામાં પલટાઈ જાય છે.

કોઈપણ પરિસ્થિતિ કાયમી નથી. જીવનમાં ઘટતી દરેક બાબતોનો ઉદાર મનોભાવથી સ્વીકાર કરી લઈએ તો મોટા ભાગની સમસ્યાઓ કે પરિસ્થિતિ દુર થઈ જાય છે. સાનુકુળ થઈ જાય છે. અન્યોની સાથે ચાલવા કરતાં આપણે તેઓની સામે ઊભા રહીએ છીએ. જે દુશ્મની, અદાવતનો પાયો રોપી દે છે. અંજપો, ચિંતા અને અસુખ આને કારણે આપણે ભોગવીએ છીએ. સમયના વહેણ સાથે પડવા કરતા તેની સાથે ચાલીએ, વહીએ તો એ વહેતી ધારા આપણી મદદગાર થાય છે. જે વિચાર, વર્તન સાથે વિધાયક ભાવે જોડાશું તો એના લીધે તે આપણી શક્તિને બળ બની જશે. દુઃખ-સુખમાં, યાતના રાહતમાં, નિષ્ફળતા સફળતામાં પલટાઈ જશે. વિરોધ કરવા કરતાં વિધાયક ભૂમિકાથી સમય, સંજોગ અને પરિસ્થિતિ બદલાય છે. એટલે જ તો પરિસ્થિતિ અસ્તિત્વ, સમય અને સંજોગ કાળનો સ્વીકાર એજ જીવન છે.

હંમેશા અન્યોના વિચારોને, વલણને પ્રત્યે સકારાત્મક ભાવ ધરાવવા જોઈએ. દરેકના વિચાર વલણ આપણી અનુકુળ ન હોય તો પણ તેને સાનુકુળ આપણે થઈ જઈએ, તેની સાથે સકારાત્મક થઈ જઈએ તો સંઘર્ષ ન સર્જાય અને શાંતિ, સુખ, સદ્‌ભાવનો માહોલ સર્જાય. જે આગળ નકારાત્મક વલણ હારી જાય છે. હટી જાય છે. બધે બધું આપણી મરજી મુજબ ચાલવાનું નથી. જીવનના પ્રવાહને આપણી ઈચ્છા મુજબ વાળી શકાય નહી પણ તેને અનુકુળ થઈ આપણે વહીએ તો તેની મજા અનન્ય હોય છે. અસ્તિત્વ, પરિસ્થિતિ, સમય, સંજોગો અને કાળનો સ્વીકાર કરવું એ જ જીવનની ભૂમિકા રહેવી જોઈએ. વ્યક્તિને સુખ જોઈએ છે. દુઃખ જોઈતું નથી સારું જોઈએ છે. પણ ખરાબ-ખોટું પડતું મૂકી દઈએ છીએ. દરેક સારી ખરાબ વૃત્તિ એક સિક્કાના બે ભાગ જેવા છે. જેમ દરેક વસ્તુના બે છેડા હોય છે જે ખુલ્લા હોય છે. એમાંથી કયો છેડો પકડવો એ આપણી મનોવૃત્તિ વલણ પર આધારીત છે. જીવન જીવંત, ધબકતું રહેવું કે અટકાવી દેવું આપણા હાથની વાત છે.

– જય જ્ઞાતિમૈયા

# ધીરજના ફળ મીઠાં

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજના ફાસ્ટ યુગમાં સૌ ઉતાવળિયા થઈને કોઈપણ સમસ્યાનો ઉકેલ જલદી થાય એવું ઈચ્છે છે. સૌ કોઈ ઈચ્છે છે કે આપણી ઈચ્છા મુજબનો પરિણામ ઓછા પ્રયત્ને અને ઓછા સમયમાં મળે. કોઈને પાસે બજારમાં જવાનો ટાઈમ નથી, દુકાને દુકાને ફરી ભીડમાં ભીંસાઈ શોપિંગ કરવા જવું સમયની રીતે પણ કોઈને પોસાતું નથી. એટલે એનો ઈલાજ જડી ગયો છે ઓનલાઈન શોપિંગમાં. એમઝોન, ફ્લીપ કાર્ટ જેવી સેવાઓ આંગળીના ટેરવે સેવા આપવા તત્પર છે. કોઈને ફિલ્મ જોવા થિયેટરમાં જવું હવે પસંદ નથી તો એનો રસ્તો છે. ઓટીટીને નેટફ્લિક્સ પર જવાનો. રસોઈમાં વિવિધ વાનગી દ્વારા સજેલો થાળને બદલે ઈન્સ્ટન્ટ ફૂડ સૌની પ્રથમ પસંદગી છે. ગણતરીની મિનિટોમાં તૈયાર થતાં ચટપટા નાસ્તા, સૌને મનગમતાં લાગે છે. આમ દરેક વસ્તુઓમાં ઉતાવળ અને અધીરાઈનો માહોલ છે.

જીવનમાં સફળતા ઉતાવળથી કે અધીરાઈથી નથી મળતી કેવળ ધીરજથી મળે છે. નવા પ્રયોગો કરવામાં નિષ્ફળતા મળે છે એ જરૂરી છે. જેને લીધે સફળતા પામવાનો ઝનૂન દ્રઢ થાય છે. દિવસ રાત ભાગદોડ કરી જીવતો માણસ હાંફે છે અને દુઃખી થાય છે. ઉકળાટ અને અશાંતિમાં જીવે છે. લોકો સતત તણાવમાં રહે છે. આ બધાના મૂળમાં આપણે ઉતાવળિયો સ્વભાવ કારણભૂત છે. દરેક કાર્યમાં, પ્રક્રિયામાં ઉતાવળ કરવી સારી નથી. કારણ કે ધીરજરૂપી ગુણ હોય તો જ કાર્ય સિધ્ધિ મળે છે. એટલે જ જ્ઞાનીઓ કહે છે કે ''ઉતાવળે આંબા ન પાકે'' અને બીજી ઉક્તિ છે ''ધીરજના ફળ મીઠાં.''

દુનિયાના લગભગ બધા જ માનવીઓના મનમાં ઈચ્છા હોય છે કે જીવનમાં કંઈક સિધ્ધિ પ્રાપ્ત કરે, સિધ્ધિને પ્રસિધ્ધિના શિખરે બિરાજમાન થાય સફળતાના શિખરો આંબે. પણ એવી સફળતા પ્રાપ્ત કરવા સાહસને સાથોસાથ ધીરજનો ગુણ હોવો આવશ્યક છે. જીવનના ઘણાં કાર્યો ઉતાવળને કારણે નિષ્ફળ થતાં હોય છે. જ્યારે જ્યારે પ્રયત્નો સતત નિષ્ફળતાને વરતા હોય ત્યારે એકચિત રહીને કેમ સફળતા મળતી નથી તેનો ગહનપણે અભ્યાસ કરવો જરૂરી છે. જ્યારે એવું લાગે છે કે પૂરતાં પ્રયત્નો કરવા છતાં સફળતા નથી મળતી ત્યારે થોડીક વાર માટે આપણી ધીરજનો પણ અભ્યાસ અને તેની પર ચિંતન કરવું જરૂરી છે.

લક્ષ્ય જેવો પણ મળ્યો હોય તેનો સ્વીકાર કરો અને ધૈર્ય જાળવી સતત એકચિત રહી પ્રયત્નશીલ રહો. ધીરજ એટલે Patience. જે એક ગુણ છે જે વ્યક્તિ માટે અમૂલ્ય મિલકત છે. અસ્વસ્થ, નારાજ અથવા ક્રોધિત થયા વિના રાહ જોવી સુયોગ સમયનો ઈન્તજાર કરવો મનોમન ફરિયાદ કરવા કરતા, મહેનત કરવા પ્રત્યે લક્ષ કેન્દ્રિત કરવું જોઈએ. માટે જ ધીરજ એ સફળતા અને લક્ષ્યો હાંસલ કરવા માટે સતત મૂલ્યવાન ઘટક છે. જે પ્રત્યેક વ્યક્તિએ જાળવી રાખવું.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

**SHRI ARIHANT CO-OP. BANK LTD.**

**1st February - 30th June 2024**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

**HOME LOAN**

**CAR LOAN**

**eAUTO LOAN**

**2 WHEELER LOAN**

***7.49%**
(p.a.)

**GOLD LOAN**

**COMMERCIAL VEHICLE LOAN**

**EDUCATION LOAN**

**LOAN AGAINST INSURANCE POLICY**

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ જિનાલયના ૧૫૮મા ધ્વજારોહણના ત્રિદિવસીય ઉત્સવની ઉજવણી

શ્રી સાંધવ નગરે શ્રી સાંધવ મંડન શ્રી શાંતિનાથ જિનાલયની ૧૫૭મી વર્ષગાંઠ ૧૫૮મી ધ્વજા મહોત્સવ. અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પ.પૂ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબ આદિઠાણા ૩૬ શ્રમણ-શ્રમણીવૃંદની શુભપાવન નિશ્રામાં ત્રિદિવસીય મહોત્સવ ઉજવાયો.

મહોત્સવનો પ્રથમ દિવસ તા.૧૯-૨-૨૦૨૪ના સવારના વાજતેગાજતે પ.પૂ.સાધ્વીશ્રીજી મ.સા.ના નિશ્રામાં તોરણ બંધન કરવામાં આવેલ.

મુખ્ય પ્રવેશદ્વારના તોરણ બંધનનું લાભ અ.સૌ.પ્રિતિબેન પ્રકાશ માણેકજી લોડાયા, પાંચ દ્વારનું તોરણ બંધનનું લાભ માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ પરિવારે લાભ લીધેલ. ખૂબ ખૂબ અનુમોદના

સવારના ૧૦ કલાકે પ.પૂ.સાધ્વીશ્રી યશોદયાશ્રીજી મ.સા., પ.પૂ.સા.ભ.શ્રી ભાવગુણાશ્રીજી મ.સા. પ્રવચન આપેલ. બપોરના ૧ કલાકે પ.પૂ.મુનિરાજશ્રી સાંધવ તારક કંચનસાગરજી મ.સા.ની પુણ્યસ્મૃતિમાં **શ્રી અજિતશાંતિ મહાપૂજન** માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ પરિવાર મુલુંડ દ્વારા રાખવામાં આવેલ.

આખા દિવસની સાર્ધમિક ભક્તિ તથા ગામના વથાણમાં નીલો રંજકો તથા પ્રભુજીની ભવ્યાતિ ભવ્ય અંગરચના શ્રી મહાકાળી માતાજીની ભક્તિભાવના, **શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ** દ્વારા કરવામાં આવેલ.

મહોત્સવનો બીજો દિવસ તા.૨૦-૨-૨૦૨૪ સવારના પ્રભુજીના પક્ષાલ પૂજાના લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો. પક્ષાલ-૨૦૧/-મણ દમયંતીબેન વાલજી ખોના મોટી ખાવડી, કેશરપૂજા શાંતિનાથદાદાની-૨૦૧/-મણ માતુશ્રી કાંતાબાઈ આણંદજી ખોના ગાંધીધામ, ધમેનાથદાદાની-૧૧૧/-મણ કસ્તુરીબાઈ કેશવજી ધરમશી સાંધાણ, મહાવીરસ્વામી-૧૦૧/-મણ ખીમજી પ્રેમજી મૈશેરી જખૌ, અજીતનાથ-૧૦૧/-મણ જયાબેન ટોકરશી લોડાયા કોઠારા, વિમલનાથ-૧૭૧/-મણ વિમલાબાઈ ખીમજી દંડ વાપી. ખૂબ ખૂબ અનુમોદના.

સવારના ૧૦ કલાકે પ.પૂ.મુનિરાજશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા. વ્યાખ્યાન આપેલ.

બપોરના ૧ કલાકે **શ્રી મહાકાળી માતાજીનું પૂજન** માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા હસ્તે અ.સૌ.ચેતનાબેન પ્રવિણ મોતા, ડોંબિવલી તરફથી રાખવામાં આવેલ.

આખા દિવસની સાર્ધમિક ભક્તિ, જીવદયા ગાયોને નીલો રંજકો નાખવામાં આવેલ. **શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ** દ્વારા **પ્રભુજીની ભવ્યાતિ ભવ્ય અંગરચના** માતુશ્રી જેઠીબાઈ કેશવજી ધરમશી, સુથરી-લોકાપુર રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના.

મહોત્સવનો ત્રીજો દિવસ તા.૨૧-૨-૨૦૨૪ સવારના પ્રભુજીના પક્ષાલ પૂજાના ચડાવા લેનાર ભાગ્યશાળી પરિવારો. પક્ષાલ-૫૦૧/-મણ કલ્પનાબેન તેજકુમાર ધરમશી સુથરી-લોકાપુર, કેશરપૂજા શાંતિનાથદાદાની-૫૫૮/-મણ આર્યન દિપક નાગડા કોઠારા- વાપી, ધર્મનાથદાદાની- ૩૫૮/-મણ વિમલાબાઈ ખીમજી દંડ સાંધવ-વાપી, મહાવીરસ્વામી-૩૦૦/-મણ મીનાબેન મુકેશ દંડ સાંધવ-વાપી, અજીતનાથ-૩૦૦/-મણ મધુબેન રતીલાલ નાગડા વાપી, વિમલનાથ-૩૦૫૮/-મણ રાજ દિપક નાગડા કોઠારા-વાપી. ખૂબ ખૂબ અનુમોદના.

સવારના ૭.૩૦ કલાકે **અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** શિષ્ય પરિવાર સહ સાંધવ પધારતા શ્રી ભવ્યાતિ ભવ્ય સામૈયું કરવામાં આવેલ. બેન્ડ પાર્ટી ભુજથી પધારેલ. ઢોલ-શરણાઈ શણગારેલા બેડા, ગહુલીઓ સાથે સામૈયું કરવામાં આવેલ. ૪૫૦ જણની સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓએ મહોત્સવને ચાર ચાંદ લગાવ્યા હતા. દરેક ભાગ્યશાળી પરિવારો તરફથી રૂા.૫૦નું સંઘપૂજન કરવામાં આવેલ.

સત્તરભેદી પૂજાના લાભાર્થી તથા આખા દિવસની સાર્ધમિક ભક્તિના લાભાર્થી તથા વપાણમાં નિલો રંજકો જીવદયાના લાભાર્થી તથા પ્રભુજીની ભવ્ય અંગરચનાના લાભાર્થી **શ્રી સાંધવ જૈન સંઘ** તરફથી કરવામાં આવેલ.

**ધ્વજા ચડાવવા**નો લાભ શ્રી આણંદજી હીરજી ખોના પરિવાર અને શ્રી પદમશી કલ્યાણજી ખોના પરિવાર લીધેલ.

# શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ જિનાલયના ૧૫૮મા ધ્વજારોહણની ઉજવણી

ત્રિદિવસીય મહોત્સવમાં વિધિવિધાન શ્રી કેવલભાઈ સાવલા કરાવેલ. સંગીતકાર કિશોર સંગ્રાર સંઘવી સારી એવી રમઝટ જમાવેલ. પ્રભુજીની ભવ્યાતિ ભવ્ય સુંદર રચના કરનાર મેહુલ ગડા-નાગલપુર, પ્રભુજીનું ભવ્યાતિ ભવ્ય દેરાસરજીને શરણગારવાનું લાભ દેવાંશ સમીર શામજી દંડ મુલુંડ લાભ લીધેલ. શણગારવા કિરણ ગાલા રાયણથી પધારેલ.

પિતામ્બર શામજી પટેલ પોતાની જગ્યા ઉતારવા માટે આપેલ. ખૂબ ખૂબ પરિવારની અનુમોદના.

સાંધવવાસીઓ નિયાણી બહેનો આમંત્રિતને માન આપી પધારેલ બહારગામથી મોઘેરા મહેમાનનું ખૂબ ખૂબ અનુમોદના. ૧૫૮મી ધ્વજાને વાક્ષેપ કરેલ. પ.પૂ.આચાર્ય ભગવંત મહોદયશ્રીજી મ.સા. આદિ ઠાણા, પ.પૂ.દેવલાલી કચ્છ વાગડ આચાર્ય ભગવંત પ.પૂ.શ્રી કલ્પતરૂ સાગરજી મ.સા. પ્રનેયાસપ્રવર આદિઠાણા ૨૫ શંખેશ્વર તીર્થમાં પં.પૂ.પંડિત મહારાજ સાહેબ આદિ ઠાણા. ૨૦૦ થી વધારે શંખેશ્વરમાં ૩૦૦ થી વધારે સાધુભંગવતો સાધ્વીશ્રી ભગવતો ૫૦૦૦ થી વધારે સંખ્યામાં સાર્ધમિક ભાઈ અને બહેનો દર્શન કરેલ. દિક્ષાર્થી બહેનો મુલુંડ વાસુપૂજ્ય જીનાલય ૫૦ થી વધારે ભગવંતો સર્વોદય નગર ૨૦ ઠાણા, વિર્લેપાલે પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩, ઘાટકોપર પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિ ઠાણા ૭ મુલુંડ-ઈસ્ટમાં ૨ ઠાણા વેસ્ટમાં સાધ્વીશ્રી ૨ ઠાણા દેવલાલી પ.પૂ.મુનિરાજશ્રી તીર્થરત્નસાગરજી આદિઠાણા ૪, પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ ડોંબિવલીમાં સાધુભગંવતો દ્વારા તેમજ વાપી પ.પૂ. સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. દીકરી મ.સા. હીરગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ ઝીંઝુવાળા ૪ થાણા. કચ્છ સાભરાઈ મુકામે. ૫૦ થી વધારે સંખ્યામાં સાધુભગવંતો સાધ્વીશ્રી ભગવંતો પુર્ણભદ્રસાગરજી મ.સા. આદિ ઠાણા સર્વ ૭૦૦થી વધારે સંખ્યામાં ભગવંતો વાક્ષેપ કરેલ. મહોત્સવ દરમ્યાન નેમસુરી સમુદાયના આચાર્ય ભગવંત શ્રી કુશલ સુરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ૩ પધાર્યા લાભ મળેલ. ધ્વજા ઉપર વાક્ષેપ કરેલ.

રાપરગઢવારીથી હિતેશભાઈ મોતા, આરીખાણાથી પ્રવીણભાઈ લોડાયા, બેંગ્લોરથી કીર્તિભાઈ ધરમશી, જલગામથી કલ્પેશભાઈ છેડા, હિરાચંદભાઈ મોમાયા, અમદાવાદથી ગુલાબભાઈ દંડ, ચંદ્રેશ લોડાયા, ભિલાઈથી યોગેશભાઈ દંડ, અંકલેશ્વર વાપી, દાવણગિરી, સેવગાવ, મલકાપુર, ઇન્દોર, ભુજથી પ્રબોધ મુનવર, કિરણ નાગડા, મુંબઈ થી મહાજનશ્રીનાં ઉપ પ્રમુખ શ્રી વીરેન્દ્ર લોડાયા, મનોજ લોડાયા, સંદીપ લોડાયા, ચેતન મોતા, ભવાનજીભાઈ લોડાયા, ભરતભાઈ લોડાયા, સાંયરાથી ગિરીશભાઈ લોડાયા, રતિલાલ ધ્રોળ, વાલજીભાઈ ખોના, વરાડીયાથી જીતેન્દ્રભાઈ લોડાયા, પદ્મભાઈ લોડાયા, વાપીથી ખુશાલ મૈશેરી, સુથરીથી ચેતનભાઈ ધુલ્લા.

સાંધવ ગામવાસીઓ શામજીભાઈ દંડ જયેશ લોડાયા, વિપુલ પટેલ, પ્રવીણ મોતા, વીરચંદ ખોના, મુકેશ દંડ, રાજેશ દંડ, લક્ષ્મીચંદ દંડ, મણિલાલ ખોના, જવેરચંદ આણદજી ખોના, નેમિન ખોના,મહેશ દંડ જવેરચંદ ખોના, ઉમેશ ખોના, કિશોર લોડાયા, હિતેશ પટેલ, મુંબઈથી નીતિન ધરમશી, કિરણ દંડ, ખીમજી લોડાયા, નવીનભાઈ મૈશેરી, મહેશ ધરમશી, સેવગાવથી શરદ દંડ, મનોજ ગાલા, હિતેશ મોમાયા, પરેશ ખોના, ભાવેશ મોતા, લહેરચંદ લોડાયા, કિશોર ભીખુભાઈ, નવીનભાઈ મૈશેરી ગામેગામથી ૪૫૦ જણાની સંખ્યામાં ધજા મહોત્સવમાં હાજરી આપેલ.

શ્રી સાંધવ નગરે ૧૫૮ મી ધજા મોહત્સવ સવંત ૨૦૮૦ મહાસુદ ૧૩ ૨૦૨૪ થી મહાસુદ ૧૩ ૨૦૨૫ સુધી શ્રી સર્વ સાધારણમાં લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો

રૂપિયા ૧૬૦૦૦/=માં આવેલ ભાગ્યશાળી પરિવારનાં નામ : ૧) શેઠશ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા-ઘાટકોપર ૨) શેઠશ્રી શામજીભાઈ નરશી દંડ-મુલુંડ ૩) માતુશ્રી રસીલાબાઈ માણેકજી લોડાયા-મુલુંડ ૪) માતુશ્રી વિમલાબાઈ ઠાકરશી પટેલ-મુલુંડ ૫) માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી લોડાયા મુલુંડ-નલિયા ૬) શ્રી નેણશી પદમશી ખોના-ભુજ ૭) માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ-મુલુંડ ૮) માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા-મુલુંડ ૯) અ.સૌ. ગીતાબેન વિનોદ ડાઘા વરાડીયા-મુલુંડ ૧૦) માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ-મુલુંડ ૧૧) માતુશ્રી કાંતાબેન આણંદજી ખોના-ગાંધીધામ ૧૨) માતુશ્રી મણિબાઈ કુંવરજી મોતા-ડોંબિવલી ૧૩) સંઘમાતા ભારતીબેન ભાગચંદ ધરમશી (જૈન) કોઠારા-મુલુંડ ૧૪) અ.સૌ ભાવનાબેન મુકેશ મોતા-નલિયા ૧૫) માતુશ્રી જીઠીબાઈ કેશવજી ધરમશી-સુથરી ઘાટકોપર ૧૬) અ.સૌ. કલાવતી દિનેશ લોડાયા-મુલુંડ ૧૭) અ.સૌ. નયનાબેન વીરચંદ ખોના-ડોમ્બિવલી ૧૮) માતુશ્રી જયાબાઈ લક્ષ્મીચંદ દંડ-ભાંડુપ ૧૯)શ્રી

# શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ જિનાલયના ૧૫૮મા ધ્વજારોહણની ઉજવણી

ખુશાલ ધનજી મૈશેરી નાની સિંધોડી-વાપી ૨૦) શ્રી કીર્તિભાઈ ધનજી ધરમશી સુથરી-બેંગ્લોર ૨૧) અ.સૌ. શિલ્પાબેન કલ્પેશ માણેકજી છેડા જસાપર-જલગામ.

૧૫૮મી ધજાનો મહોત્સવની શ્રી સર્વ સાધારણ ખાતામાં એક આની બરાબર ૧,૧૦૦ રૂપિયામાં લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર

૧૦ આની (રૂપિયા ૧૧૦૦૦)

(૧) મેહુલ મણીકાંત વિશનજી નાગડા ગામ તેરા હાલ દુબઈ (૨) માતુશ્રી તારાબાઈ નવીનચંદ્ર મોતા કોઠારા ડોંબિવલી ૯૩) ભુજ કચ્છી વિશા ઓસવાલ જૈન સંઘ

૮ આની (રૂપિયા ૮૮૦૦)

(૧) મુંબઈ સ્નેહ મિલન માં આવેલા સાધારણ ફંડમાં

૭ આની રૂપિયા ૭૭૦૦

(૧) શ્રી પદ્મશી કુંવરજી પટેલ (લોડાયા) કોચિન

૫ આની (રૂપિયા ૫૫૦૦)

(૧) અ.સૌ. લત્તાબેન પ્રકાશ લોડાયા આણંદ (૨) માતુશ્રી ઝવેરબાઈ પદમશી ખોના ભાંડુપ (૩) માતુશ્રી નવલબાઇ ભવાનજી નરશી મુલુંડ (૪) એક સદ્દહસ્થ પરિવાર સાંધવ (૫) લીલાવતીબેન હીરાચંદ ગોવિંદજી નાગડા નલિયા પનવેલ (૬) અ.સૌ મીનાબેન મુકેશ ખીમજી દંડ વાપી (૭) દિવ્યમ સમતા અક્ષય લોડાયા રાપરગઢવાળી ડોંબિવલી હસ્તે મીનલબેન પ્રદીપ ખોના અમદાવાદ (૮) નલિયા ડોંબિવલી મિત્ર મંડળ (૯) વરાડીયા જૈન દેરાસર સાધારણ ફંડ (૧૦) દમયંતીબેન દંડ/ચેતનાબેન દંડ/સંજયભાઈ દંડ સાંધવ હસ્તે માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલા સુથરી

૩ આની (રૂપિયા ૩૩૦૦)

(૧) માતુશ્રી ચેતનાબેન પીતાંબર લાલજી ખોના-મુલુંડ

૨ આની (રૂપિયા ૨૨૦૦)

(૧) કમળાબેન કાંતિલાલ ધરમશી કોઠારા-બિજાપુર (૨) મણિલાલ ભવાનજી લોડાયા-ભાંડુપ (૩) માતુશ્રી વેજબાઈ દેવણાત-લોડાયા હસ્તે અ સૌ ભારતીબેન કિશોર લોડાયા-ડોંબિવલી (૪) શ્રીમાન મૂરજી દેવજી દંડ-ખંડવા (૫) માતુશ્રી ખેતબાઈ કાનજી દંડ-દેવલાલી (૬) નીતિન શાંતિલાલ દંડ-અમદાવાદ (૭) અ.સૌ. હીનાબેન જીતેન્દ્ર લોડાયા-વરાડીયા-ડોંબિવલી

૧ આની (રૂપિયા ૧૧૦૦)

(૧) માતુશ્રી ધનબાઈ ખીમજી મેઘજી ગોસર બાયઠ (૨) માતુશ્રી પ્રેમિલાબેન પદમશી લોડાયા સાંયરા મુલુંડ

પ.પૂ. સાધ્વીશ્રી યશપ્રભાશ્રીજી મ.સા.ના સંયમ જીવન પ્રવેશે (૫૮મી દીક્ષા તિથિ) અને પ.પૂ.સાધ્વીશ્રી હીતપ્રજ્ઞા શ્રીજી મ.સા.ના તપ નિમિત્તે

૧ અને ૨ પ.પૂ.સાધ્વીજી મ.સા.શ્રીની પ્રેરણાથી

(૩) શ્રીમાન પીતાંબર શામજી પટેલ કલકતા

(૪) શ્રીમાન રામજી લાલજી ખોના ડોંબિવલી

(૫) કાન્તાબાઇ ચત્રભોજ મોમાયા સાંયરા મુલુંડ

(૬) હંસાબેન લહેરચંદ લોડાયા વાંકુ મુલુંડ

(૭) શ્રી નવીનભાઈ દેવણાત લોડાયા મુલુંડ

(૮) માતુશ્રી ગુણવંતીબેન નરશી લોડાયા અમદાવાદ

(૯) શ્રી રસિકભાઈ દેવરાજ લોડાયા મુલુંડ

(૧૦) જીયાસ જીનાસ જયદીપ મૈશેરી મોટી સિંધોડી અમદાવાદ

(૧૧) અ.સૌ. શકુંતલાબેન રાયચંદ નરશી દંડ મુલુંડ

(૧૨) અ.સૌ. અમિતાબેન દીપેશ છેડા સુજાપર નાંદેડ

(૧૩) માતુશ્રી હીરબાઈ કુંવરજી લાલકા વાડાપધર ઘાટકોપર

(૧૪) અ.સૌ. ફોરમબેન કરણ અનિલ ગાલા તેરા બેંગલોર

(૧૫) અ.સૌ. નયનાબેન મહેશ મુલજી મોતા લાલા ડોંબિવલી

(૧૬) માતુશ્રી જમકુબાઇ મેઘજી દેવશી દંડ કોઠારા મુલુંડ

(૧૭) અ.સૌ. લક્ષ્મીબેન શરદ ત્રિકમજી દંડ બાયઠ શેગાવ

# શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ જિનાલયના ૧૫૮મા ધ્વજારોહણની ઉજવણી

(૧૮) માતુશ્રી નવલબાઇ મણીલાલ દંડ ગોરેગાવ
(૧૯) અ.સૌ. કાંતાબેન ખીમજી લોડાયા લાલા ડોંબિવલી
(૨૦) માતુશ્રી વિજયાબાઈ પદમશી નાગડા નલિયા ભાંડુપ
(૨૧) અ.સૌ. પ્રભાબેન નીતિન ધરમશી સાંધાણ ડોંબિવલી
(૨૨) જયાબાઈ ચત્રભોજ દંડ મંજલ રેલડીયા ભાંડુપ
(૨૩) માતુશ્રી જ્યોત્સનાબેન દામજી દંડ ભાંડુપ
(૨૪) અ.સૌ. જયશ્રીબેન ઝવેરચંદ મેઘજી ખોના ડોંબિવલી
(૨૫) સ્વઃ સગુણાબેન મણીલાલ લોડાયા મોટી ખાવડી હસ્તે ધારીણી માંગીલાલ સોની ડોંબિવલી
(૨૬) દિલીપ લાલજી પટેલ (લોડાયા) સાંધવ
(૨૭) માતુશ્રી રસીલાબાઈ રસિકલાલ ખોના મોટી ખાવડી લોનાવાલા
(૨૮) માતુશ્રી મેઘબાઈ મૂરજી દંડ ભાંડુપ
(૨૯) માતુશ્રી હીરબાઈ મેઘજી નાગડા પરજાઉ ભુજ
(૩૦) માણેકજી લાલજી ખોના કલકત્તા
(૩૧) દિવ્યમ અક્ષય લોડાયા રાપરગઢવાળી ડોંબિવલી
(૩૨) ઉમેશભાઈ ઉમરશી ખોના ડોંબિવલી
(૩૩) અ.સૌ. બીનાબેન પરાગ લોડાયા દલતુંગી ડોંબિવલી
(૩૪) બાબુભાઈ વિરમ લોડાયા અમદાવાદ
(૩૫) પ્રતાપ જયચંદ લોડાયા મલકાપુર
(૩૬) વિનીતભાઈ ઉતીન ખોના નલિયા મુલુંડ
(૩૭) માતુશ્રી મધુરીબાઈ રાયચંદ લોડાયા મુલુંડ
(૩૮) માતુશ્રી પ્રેમાબાઈ દેવશી શામજી ધ્રોળ મહાદેવપુરી કોટડી ડોંબિવલી
(૩૯) ધારીની ક્રીન્કેશ ઝવેરચંદ મૈશેરી નાની સિંઘોડી ડોંબિવલી
(૪૦) આયેન દીપક નાગડા કોઠારા વાપી
(૪૧) ભારતીબેન સૂર્યકાંત નાગડા જખૌ ધાવણગીરી
(૪૨) રમીલાબાઇ મોહનલાલ સોની નલિયા ભાંડુપ
(૪૩) દમયંતીબાઈ વાલજી ખોના મોટી ખાવડી ચિંચપોકલી
(૪૪) વિક્રાંત દિનેશ કુંવરજી મોતા નલિયા ડોંબિવલી
(૪૫) માણેકજી કલ્યાણજી મોતા મોટી ધુફી જલગામ
(૪૬) શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન મોટી સિંઘોડી
(૪૭) માતુશ્રી ગંગાબાઈ મણીલાલ મૈશેરી મોટી સિંઘોડી જલગામ
(૪૮) શ્રી ચાંપસી વિરમ દંડ સાંધવ

તાઃ ૨૧/૦૨/૨૦૨૪ બુધવાર ધ્વજા મહોત્સવનો ત્રિદિવસીય શ્રી સાંધવ નગરે ૧૫૮ મી શ્રી શાંતિનાથ દાદાની ધજા મહોત્સવ ત્રિદિવસીય પ્રસંગે શ્રી સંઘપૂજનના ભાગ્યશાલી પરિવારો.

રૂપિયા ૨૫૦૦/-

(૧) શેઠશ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા-ઘાટકોપર (૨) શેઠશ્રી શામજીભાઈ નરશી દંડ-મુલુંડ (૩) શ્રી ઠાકરશી લાલજી પટેલ-મુલુંડ (૪) માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા-મુલુંડ (૫) માતુશ્રી જિઠીબાઈ કેશવજી ધરમશી ગામ : સુથરી હાલઃ લોકાપુર ઘાટકોપર (૬) શ્રી કીર્તિભાઇ ધનજી ધરમશી ગામઃ સુથરી હાલઃ બેંગ્લોર (૭) અ.સૌ શિલ્પાબેન કલ્પેશ છેડા ગામઃ જસાપર હાલઃ જલગામ

રૂપિયા ૧૧૦૦/-

(૧) માતુશ્રી જમકુબાઇ લાલજી પટેલ-મુલુંડ (૨) શ્રી નવીનભાઈ દેવણાધ લોડાયા-મુલુંડ (૩) માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા-મુલુંડ (૪) શ્રી ભવાનજી નરશી દંડ-મુલુંડ (૫) માતુશ્રી ઝવેરબાઈ પદમશી ખોના-ભાંડુપ (૬) માતુશ્રી ગોરબાઈ કુંવરજી લોડાયા-આણંદ (૭) ચિઃ જીનાશ આદિત્ય લોડાયા ગામઃ વરાડીયા હાલઃ ડોંબિવલી (૮) માતુશ્રી મીઠીબાઈ પદમશી લોડાયા-કલકત્તા (૯) માતુશ્રી દમયંતીબાઈ હંસરાજ દંડ-મુલુંડ (૧૦) માતુશ્રી મણિબાઇ કુંવરજી મોતા-ડોમ્બિવલી (૧૧) માતુશ્રી પ્રેમીલાબેન પદમશી દંડ ગામઃ મંજલ હાલઃ ભીલાઈ (૧૨) માતુશ્રી વિજયાબેન વીરેન્દ્ર લોડાયા ગામઃ બાંઢિયા હાલઃ અમદાવાદ (૧૩) શ્રી ખુશાલભાઈ ધનજી મૈશેરી ગામઃ નાની સિંઘોડી હાલઃ વાપી.

રૂપિયા ૫૦૦/-

(૧)માતુશ્રી બાયાબાઈ શામજી મોતા ગામઃ નલિયા હાલઃ લોનાવાલા (૨) શ્રીમતી ગુણવંતીબેન ભરત મોતા ગામઃ જખૌ હાલઃ ભુજોડી (૩) અ.સૌ. નયનાબેન વીરચંદ ખોના-ડોમ્બિવલી (૪) માતુશ્રી મણિબાઇ બાબુભાઇ લોડાયા-અહમદાવાદ (૫) માતુશ્રી કાંતાબાઇ આણંદજી ખોના-ગાંધીધામ (૬) અ.સૌ કાંતાબાઇ ખીમજી લોડાયા ગામઃ લાલા હાલઃ ડોંબિવલી (૭) અ.સૌ જયશ્રીબેન ઝવેરચંદ ખોના-ડોંબિવલી (૮) માતુશ્રી ગુણવંતીબેન નરશી લોડાયા-અમદાવાદ (૯) શ્રી મણિલાલ ભવાનજી લોડાયા-ભાંડુપ (૧૦) માતુશ્રી જેવંતીબેન લાલજી દંડ ગામઃ પરજાઉ હાલઃ મુલુંડ (૧૧) માતુશ્રી લીલબાઈ શીવજી લોડાયા ગામઃ જખૌ હસ્તે શ્રી દિપકભાઈ સંઘ પૂજનનું સર્વે પરિવારોએ લાભ લીધેલ.

ધ્વજા મહોત્સવમાં પધારેલ સર્વેનું શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સાંધવ મહાજન ખૂબ ખૂબ આભારી છે.

# શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ જિનાલયના ૧૫૮મા ધ્વજારોહણની ઉજવણી




























# શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ જિનાલયના ૧૫૮મા ધ્વજારોહણની ઉજવણી



















# શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ જિનાલયના ૧૫૮મા ધ્વજારોહણની ઉજવણી























# શ્રી સાંધવ નગરે શ્રી શાંતિનાથ જિનાલયના ૧૫૮મા ધ્વજારોહણની ઉજવણી























# સંજીવની કેસ નં.૧૩૭ માટે જોઈતા રૂા.૨.૭૫ લાખ એકઠાં થઈ જતા ક્રાઉડ ફંડિંગ બંધ કરાયું




૪૮ વર્ષીય કુવાપધ્ધર ખામગામના ચેતન સુરેશ મોતા પહેલેથી જ ક્રોનિક કિડની ડિસીઝ અને હાર્ટ લગતી બીમારીઓ સામે લડત આપી રહ્યાં છે. હાલે તેમના Fractured his Right Hand (Humerus) and Right Leg ( Tibia) થયું છે. જેની સર્જરી કરવી જરૂરી છે. આ સારવાર ઈલાજ ઓપરેશન માટે હોસ્પિટલ તરફથી રૂા.૨.૭૫ લાખનો અંદાજિત ખર્ચ અપાયો છે.

છેલ્લાં ૬ થી ૮ મહિનાથી તબિયતને કારણે કામ પર જઈ શકતા નથી. મોટો પુત્ર અભ્યાસ પૂરો કરે છે અને નોકરીની શોધમાં છે. પરિવારની બચત નથી કે નથી વીમાનો સંરક્ષણ આપતું કવચ. આવી ભયાવહ પરિસ્થિતિ વશ તેઓએ સંજીવની યોજના અંતર્ગત મેડિકલ સમિતિ સમક્ષ અરજી કરી છે. જેનો ઉત્તમ પ્રતિસાદ આપવો એ આપણી માનવી તરીકેની ઉત્તમ ફરજ છે.

તેમની મદદ અરજી કેસ નં.૧૩૭ માટે રૂા.૨.૭૫ લાખ જમા કરવા ક્રાઉડ ફંડિંગ માટે કેસ મૂકાયો. જે ગણતરીના સમય દરમ્યાન જ ઉદારદિલ દાતાઓ, પેટ્રન માનવતાવાદી મહાજનો, એકમો, સંસ્થાઓના સુયોગ્ય પ્રતિસાદને લીધે જરૂરિયાતની રકમ જમા થઈ જતાં સદર કેસ, ક્રાઉડ ફંડિગમાંથી પરત ખેંચી લેવાયો છે. હર કેસ દરમ્યાન માનવીય અભિગમ દર્શાવતા સૌ દાતાઓ, શ્રેષ્ઠીઓના ઉદાર ભાવની સરાહના કરી અનુમોદના કરીએ છીએ.

# નલિયા ગામે ભલારાદાદાની પ્રતિષ્ઠા





નલિયા નગરે બિરાજમાન થનાર ભલારાદાદાની પ્રતિમાને સાંધવ નગરે વાક્ષેપ કરી રહેલા નેમસૂરીના આચાર્ય ભગવંત પ.પૂ.કુશલસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી ભગવંતો.

# પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ને શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની વંદના સભર શ્રધ્ધાંજલિ અર્પિત કરાઈ

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. તથા તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. સાહિત્ય દિવાકર, રાજસ્થાન દિપક, વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. તથા વર્તમાન આચાર્ય ભગવંતો, ગણિવર્ય અને પદસ્ત સાધુ ભગવંતોને મત્થએણ વંદામી.

જિનશાસન અને અચલગચ્છ શણગાર, આપનો અમારા ઉપકારી રત્નત્રયીની રોશની જિનશાસનના સંવર્ધન, પથદર્શક એવા તપાત્મા પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ના કાળધર્મ સમસ્ત અચલગચ્છ જૈન સંઘે એક શ્રમણ રત્ન ગુમાવ્યો છે.



પૂજ્યશ્રી જ્યાં જ્યાં ત્યાં શ્રધ્ધા સંજીવનીનું રસપાન કરાવતા સ્વાધ્યાયની ખોબલે પ્રભાવના કરતા શ્રી સંઘોને સમભાવનું પ્રેરકબળ પૂરતાં. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. સર્વે સંઘોમાં સંપનું જપ, તપ અને સામાયિક કરવા પ્રેરણા કરતાં તેઓશ્રી સંઘને વીરવાણીની પ્રભાવના કરતા હતા. કેવી અને કેટલી નિષ્ઠા? તેમની સરળતા, વિનય, નમ્રતા, સમર્પણ સર્વ શ્રમણો સાથે મૈત્રી સમન્વય જેવા તેમના ગુણો સદૈવ યાદ રહેશે. ગત વર્ષોમાં દાંતના દુ:ખાવા પ્રસંગે જ્યુપીટર હોસ્પિટલમાં વૈયાવચ્ચનો લાભ પણ મહાજનશ્રીને મળેલ.


અમારા અનંતનાથ દાદા દરબારે મસ્જિદ બંદરે ચાતુર્માસનો લાભ મળેલ. તેઓશ્રીના આત્માને અનંતનયાથજી મહારાજ તેઓશ્રીની અનંતયાત્રાએ પંચ પરમેષ્ટિમાં અવિચલ સ્થાન આપે એવી પ્રાર્થના.

લિ. શ્રી ક.દ.ઓ.જૈન મહાજન મુંબઈ તથા શ્રી અનંતનાથ ટ્રસ્ટના પ્રમુખશ્રી પદાધિકારીઓ ટ્રસ્ટીશ્રીઓ અને વ્યવસ્થાપક સમિતિના સભ્યો વતી ચેતન મેઘજી મોતા માનદ્મંત્રી

# વરાડીયા ગામે ભલારાદાદાની પ્રતિષ્ઠા






વરાડીયા નગરે ભલારાદાદાની નુતન મંદિરમાં પુન પ્રતિષ્ઠા માગસર સુદ ૧૧ મંગળવાર તા.૨૦-૨-૨૦૨૪ના માતુશ્રી કસ્તુરીબાઈ હંસરાજ પરબત લોડાયા (પીર) દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવેલ. વાછરાદાદાના ભુવા શ્રી ગોવિંદજી પટેલ અને સચ્ચાઈ માતાજીના ભુવા મનોજભાઈ ધ્રોળના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવલે. સવારના ભલારાદાદાને તેડી વાજતે ગાજતે રથયાત્રા કરવામાં આવેલ. નવ મંદિરમાં વિધિવિધાનથી સ્થાપના કરવામાં આવેલ. દાદાની પેડી પ્રસાદ તથા સાંજે ભલારાદાદાનું પાઠ કરવામાં આવેલ. વિધિવિધાન માટે લાલાભાઈ વ્યાસ વારાપધ્ધર પધારેલ. પ્રસંગે મુંબઈથી ભરતભાઈ લોડાયા (પીર), પ્રતાપભાઈ લોડાયા (પીર), જીતેન્દ્રભાઈ લોડાયા (પીર), વાલજીભાઈ ખોના, સાંધવના મણીલાલ ખોના, શામજીભાઈ દંડ, વિરચંદ ખોના, ઉમેશ ખોના, વિપુલ પટેલ, લક્ષ્મીચંદ દંડ, રાયચંદ દંડ, હિતેશ પટેલ, મુકેશ દંડ, રાજેશ દંડ, નલિયાના વિરેન્દ્ર લોડાયાસ પરેશ ખોના, શાંતિગ્રુપના કિરણ દંડ, વરાડીયા ટ્રસ્ટીશ્રી પદમભાઈ લોડાયા, નલિન ડાઘા, મહેન્દ્ર ડાઘા, વિનોદ મોમાયા, ખીરેશ ડાઘા, મુંબઈથી ૫૦ જણાની સંખ્યામાં પધારેલ પેડી પ્રસાદનો ૩૦૦ જણની સંખ્યામાં લાભ લીધેલ.



# હૈદ્રાબાદ સિટી સંઘના શ્રી શાંતિનાથ જિનેશ્વરધામની ૨૩મી વર્ષગાંઠ અવસરે ધ્વજારોહણ મહોત્સવ ભવ્યતાભેર સંપન્ન



તેલંગણા રાજ્યની રાજધાની હૈદ્રાબાદના કાચી ગુડા સ્થિત શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ સિટી સંઘના શ્રી શાંતિનાથ જિનેશ્વરધામ મંદિરની ૨૩મી વર્ષગાંઠ અવસરે ધ્વજારોહણ મહોત્સવ ભવ્યતા એવમં ઉત્સાહભેર સાથે સંપન્ન થયો.

પ.પૂ.શ્રી વિરાગરત્નવિજયજી મ.સા. સમુદાયના પ.પૂ.દેવર્શીરત્નવિજયજી મ.સા. પ.પૂ.શ્રી ગુરૂવંદન વિજયજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી શુભ નિશ્રામાં શ્રી શાંતિનાથ જિનેશ્વરધામ મંદિરની ૨૩મી વર્ષગાંઠ એવમ ૨૪મી ધ્વજારોહણ મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત શુક્રવાર તા.૧ માર્ચના સવારે ૯ કલાકે શ્રી સતરભેદી પૂજન, ધ્વજારોહણ વિધિ સવારે ૧૦.૧૫ કલાકે પ્રારંભ થઈ.

અનિશ છેડાએ જણાવ્યું હતું કે શિખર પર ધ્વજારોહણ અંતર્ગત મુખ્ય ધ્વજા શ્રી શાંતિનાથ પ્રભુની ધ્વજાના લાભાર્થી શેઠ મણિકાન્ત મેઘજી મોમાયા પરિવાર, શ્રી શ્રેયાંસનાથ પ્રભજીની ધ્વજાના લાભાર્થી શેઠશ્રી લીલાધર જીવરાજ નાગડા પરિવાર, જૂના મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ધ્વજાના લાભાર્થી શેઠ શ્રી મણિકાન્ત મેઘજી મોમાયા પરિવાર દ્વારા ધ્વજારોહણ કરાયું. બપોરે ૧૨.૪૫ વાગે સ્વામિવાત્સલ્યનું આયોજન ધ્વજારોહણના કાયમી લાભાર્થી પરિવારની તરફથી રખાયું હતું. આંગી મંડળની બહેનોએ પ્રભુ પરમાત્માની ભવ્ય સજાવટ ભરી આંગી કરી ભક્તિ વ્યક્ત કરી હતી.

હેમાંગ મોમાયાના જણાવ્યા અનુસાર આ અવસરે પક્ષાલપૂજા કેસર પૂજા, પુષ્પપૂજા અખંડ દીપક આદિના વાર્ષિક ચઢાવા બોલાવાયા જેમાં વાસક્ષેપ પૂજા શ્રીમતી હંસાબેન લહેરચંદ લોડાયા તથા શ્રીમતી મંજુલાબેન ઉત્તમચંદ મોમાયા પરિવાર, પક્ષાલ પૂજા શ્રી મનિષાબેન મોહનલાલ ગાલા પરિવાર, અંગ લૂછનનો ચઢાવો, શ્રીમતી નમ્રતાબેન અભય ચંદ્રકાંત શાહ પરિવાર ચંદન પૂજા માતુશ્રી લતાબેન મણિકાન્ત મેઘજી મોમાયા પરિવાર, પુષ્પ પૂજા શ્રીમતી હેમલતાબેન, હેમંત પાસડ હસ્તે રંજનબેન ભવાનજી પાસડ પરિવાર, ધૂપ પૂજા ભીકમચંદ રાજેશ પુરબ પોકરણા પરિવાર, ઘૃત-દીપક પૂજા શ્રીમતી ઉર્મિલાબેન પોપટભાઈ છેડા પરિવાર, અષ્ટપ્રકારી સર્વ સામગ્રી શ્રીમતી મિનાક્ષી મોનિક ધરમશી પરિવારને પ્રાપ્ત થયો. આરતી, મંગલ દીપકનો ચઢાવો શ્રીમતી મીનાબેન ગુલાબચંદ મોતા પરિવારને મળ્યો. વિધિવિધાન માટે મુંબઈથી વિધિકાર રાજાભાઈ નંદુ અને સંગીત મંડળી સાથે પધારેલ હતા.

હેમાંગ મોમાયા, જયેશ નાગડા, અનિષ છેડા, દિનેશ ગોસર, રિધ્ધિશ જાગીરદાર, પ્રદીપ સંઘવી, શાંતિલાલ મારૂ, વિજય જાગીરદાર, કીર્તિ સંઘવી, ચંદ્રકાંત શાહ, સુભાષ ખંડોર, જસરાજ દેવડા ધોકા, ભવાનજીભાઈ પસાડ, નવીન મારૂ, પ્રદીપ નાગડા, મણિલાલ સાવલા, પ્રવીણ છેડા, દેવચંદ ગાલા, જિતેન્દ્ર ગડા, તલકશી ગડા, ભાવેશ ખંડોર, વિકાસ શાહ, હિરેન હરિયા તથા લતા મોમાયા, ભાવના નાગડા, ઉર્મિલા છેડા, જયા જાગીરદાર, ભાનુબેન ગાલા, કુસુમ ગોસર, દમયંતી ગડા, જયશ્રી સંઘવી, જ્યોતિ મોતા, હેમા કારાણી, વૈશાલી શાહ, રશ્મિ મારૂ સાથે ઈત્યાદિ ગણમાન્ય વ્યક્તિઓ ઉપસ્થિતિ રહ્યાં હતાં.

એવું અખબારી યાદી દ્વારા સંયુક્ત રીતે સંઘના ચેરમેન રમણિક નાગડા એવમ મેનેજીંગ ટ્રસ્ટી પોપટલાલ છેડા દ્વારા જણાવાયું હતું.

# થાણામાં જ્યુપીટર હોસ્પિટલ પાસે દરેક ગચ્છના સાધુ સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ માટે કેન્દ્ર શરૂ થયું

શેઠ એવલોન, જી વિંગ, ફ્લેટ નં.જી-00૨, જ્યુપીટર હોસ્પિટલ પાસે થાણામાં જૈન સાધુ સાધ્વી ભગવંતો માટે વૈયાવચ્છ કેન્દ્ર શરૂ થઈ ગયેલ છે. વિહારમાં આવતા જતા તથા જયુપીટર હોસ્પિટલમાં સારવાર અર્થે આવનાર દરેક ગચ્છના મહારાજ સાહેબ માટે ઉતારાની ઉત્તમ વ્યવસ્થા છે. ૨ બેડરૂમ હોલ અને ૧ રૂમમાં હોસ્પિટલની જેમ તમામ વ્યવસ્થા ગોઠવેલ છે તો લાભ આપવા વિનંતી. પધારતા પહેલા ફોન કરવો જરૂરી છે. ગોચરી માટે જૈનોના ઘર છે. આ જાણ દરેક મહાત્માને કરવી.

સંપર્ક માટે મનોજ શાહ (ટીપટોપ પ્લાઝા)-૯૮૨૦૦૪૬૮૦૧, કુંજલ કિશોર શાહ-૯૮૨૧૧૪૦૪૨૯

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુરની આગામી ત્રણ વર્ષની ટર્મ માટેની ચૂંટણી સંપન્ન થઈ



શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુરના આગામી ત્રણ વર્ષની ટર્મ તા.૧-૪-૨૦૨૪થી ૩૧-૩-૨૦૨૭ માટેની ચૂંટણી પ્રક્રિયા તા.૧૮ ફેબ્રુઆરી રવિવારે શ્રી કુંથુનાથ જિનાલયના વિવિધલક્ષી હોલમાં પૂર્ણ કરવામાં આવેલ. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય, માલા અર્પણ પછી, નવકાર મંત્ર બાદ મહાજન પ્રમુખ ચંદ્રેશભાઈ વીરચંદ છેડાએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાનના કાર્યકાળમાં થયેલ કાર્યોની જાણકારી આપેલ અને સૌ પદાધિકારીઓ, શ્રી કુંથુનાથ મહિલા મંડળ, યુવા મંડળના સર્વે સભ્યોનો સહયોગ બદલ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો તથા જાણે અજાણે કોઈપણ ભૂલચૂક થઈ હોય તો તે બદલ મિચ્છામી દુક્કડમ કરેલ. ત્યાર પછી ચૂંટણી પ્રક્રિયા ચાલુ કરવા માટે કહેલ. ચૂંટણી અધિકાર તરીકે ગિરીશ રતિલાલ શાહની વરણી કરવામાં આવેલ.

ચૂંટણી અધિકારીએ નવા અધ્યક્ષ માટે નામ મંગાવેલ. કુલીનકાંત ખેતશી જીવાણી અને તરૂણ શીવજી લોડાયા દ્વારા ચંદ્રેશ વીરચંદ છેડાનું નામ અધ્યક્ષ પદ માટે સુઝાવ કરેલ. જેને સભામાં ઉપસ્થિત સૌ સભ્યોએ હાથ ઊંચા કરી એમના સૂચનનું સમર્થન કરેલ હતું.

ચૂંટણી અધિકારીએ સર્વ સંમતિથી આગામી ત્રણ વર્ષની ટર્મ માટે નવા અધ્યક્ષ તરીકે ચંદ્રેશ વીરચંદ છેડાને ઘોષિત કરેલ. ભૂપેન્દ્ર ગોંવિદજી મોમાયા અને તરૂણ શીવજી લોડાયાએ પ્રસ્તાવ કર્યો કે નવી કાર્યકારિણીની વરણી નવ નિયુક્ત અધ્યક્ષ દ્વારા કરવામાં આવે. જેને સર્વ સંમતિથી સમર્થન મળેલ હતું.

ચૂંટણી અધિકારીએ નવનિયુક્ત અધ્યક્ષને મંચ પર બોલાવી પુષ્પગુચ્છ અર્પણ કરી અભિનંદન સહ અભિવાદન કર્યું હતું. પ્રમુખશ્રીએ પોતાના પ્રથમ ઉદ્‌બોધનમાં પોતાની ઉપર ભરોસો મૂકી વિશ્વાસ દર્શાવવા બદલ સૌનો આભાર વ્યક્હત કર્યો હતો અને બધાના આત્મીય સહયોગથી સમાજનું કામ જોરશોરથી આગળ વધારશું એની ખાત્રી આપી હતી. અંતમાં હિતેશ શરદ મોમાયાએ પધારેલ સૌનો આભાર માની સ્વરૂચિ ભોજન ગ્રહણ કરવા આમંત્રણ આપેલ હતું.


KDO

સમસ્ત કે.ડી.ઓ.જૈન જ્ઞાતિ મહાજન આપણી જ્ઞાતિનો એક વિશેષ અંક બનાવી ને પ્રકાશિત કરવાનું વિચારી રહ્યું છે. આ અંકમાં આપણી જ્ઞાતિ ના મહાજનો, સંસ્થાઓ, મહિલા મંચો, યુવા મંચો દ્વારા થયેલ વિશેષ પ્રવૃત્તિઓની માહિતીઓ સંકલિત કરવામાં આવશે. આ કાર્યને સફળ બનવા માટે જે પણ જ્ઞાતિજન ઈચ્છા ધરાવતા હોય તેમને પગાર/કમિશન પર રાખવામાં આવશે.

**મનીષ લોડાયા-૭૫૦૬૦૭૦૮૫૧** નો સંપર્ક સાધે.

**– સમસ્ત કે.ડી.ઓ.જૈન જ્ઞાતિ મહાજન**
**સેક્રેટરી જનરલ**

# એડવોકેટ મીનલબેન ખોનાને લેક્સ ફાલ્કન ગ્લોબલ એવોર્ડ પ્રદાન થયો






સુથરી વાશીના એડવોકેટ મીનલબેન ખોનાને રિયલ એસ્ટેટ પ્રેક્ટિસ ક્ષેત્રે અગ્રણી વકીલની કેટેગરીમાં પ્રતિષ્ઠિત ફાલ્કન ગ્લોબલ એવોર્ડ પ્રદાન કરાયો. કાનૂની ક્ષેત્રે તેમની બહુશ્રુત સિધ્ધિઓ અને સર્વોત્તમ યોગદાન આપવા બદલ આમ તેમના કાર્યને યોગ્ય રીતે માન્યતા આપવામાં આવી છે. આ એવોર્ડ તેમની મોટી સફળતા અને કાનૂની સમુદાય ક્ષેત્રે તેમણે જમાવેલી પ્રતિષ્ઠાની અસરની ઉજવણીના સ્વરૂપે છે.

માનનીય ન્યાધીશ પંકજ મિથલના હસ્તે મીનલબેનને તા. ૬ માર્ચ બુધવાર અને તા.૭ માર્ચ ગુરૂવારના નવી દિલ્હી ખાતે યોજાયેલ લેક્સ ટોક વર્લ્ડ ગ્લોબલ લીગલ એન્ડ આઈપી કોન્ફરન્સમાં આ પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રદાન કરાયો.

એવોર્ડ પ્રાપ્ત કર્યા બાદ એડવોકેટ મીનલબેન ભરત ખોનાએ હર્ષભાવે પ્રતિભાવ વ્યક્ત કરતા કહ્યું હતું કે રિયલ એસ્ટેટ ક્ષેત્રે પ્રેરક સ્વતંત્ર કાનૂની વ્યવસાયિક તરીકે પ્રતિષ્ઠિત લેક્સ ગ્લોબલ એવોર્ડ મેળવી હું ગૌરવાન્તિ થયાની લાગણી અનુભવું છું.

આ એવોર્ડ પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન સાથે ભવિષ્યમાં ઉચ્ચતમ સફળતા પ્રાપ્ત કરતા રહો એ શુભકામના.

---

# અંકલેશ્વર નગર સંઘમાં અલૌકિક શ્રી પાર્શ્વનાથ દાદાના સાંનિધ્યમાં ગણધર ગૌતમ સ્વામી, પરિકર દેવ-દેવી, શ્રી મહાલક્ષ્મી દેવી, શ્રી સરસ્વતી દેવીની પ્રતિષ્ઠા થઈ





ગુજરાતના અંકલેશ્વર નગર સંઘમાં અલૌકિક શ્રી પાર્શ્વનાથ દાદાના પાવન સાંનિધ્યમાં ૨૩મા વીર્ષતપના તપસ્વી રત્ન પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની પુનિત નિશ્રામાં વિધિકાર કેશવજીભાઈ ગડાના સથવારે ગણધર ગૌતમ સ્વામી, પરિકર દેવદેવી, શ્રી મહાલક્ષ્મી દેવી, શ્રી સરસ્વતી દેવીની પ્રતિષ્ઠા ભાવ ભક્તિ સાથે ભવ્યતાથી થઈ.



# શ્રી ક.દ.ઓ.જૈન મિત્ર મંડળ કચ્છ બાંડીયા દ્વારા ૮મું સ્નેહમિલન













તા.૨૫ ફેબ્રુઆરી રવિવારના સવારે ૯ કલાકે મેવાડ કેસરી ભવન હોલ ભાંડુપ મધે શ્રી ક.દ.ઓ.જૈન મિત્ર મંડળ કચ્છ બાંડીયા દ્વારા ૮મું સ્નેહમિલન યોજાયું. જેમાં ગામવાસી જ્ઞાતિજનો નિયાણી બહેનો મોટી સંખ્યામાં પધાર્યા હતા. સ્નેહમિલન સાથોસાથ સામુહિક ક્ષમાપના, ગુરૂવંદના, વ્યક્તિ વિશેષ સન્માન, માસખમણ, સિધ્ધિતપ કરનાર તપસ્વીઓનું તથા કાર્યક્રમ નકરાના દાતાઓનું સન્માન કરાયું હતું.

સ્નેહમિલનના પ્રમુખ મનોજ દામજી લોડાયા સાથે અતિથિ વિશેષ જયેશ લાલકા ભુજ, મુકેશ લોડાયા વડોદરા, મુકેશ વિકમશી બિલીમોરા, મહેશ મોમાયા બાંડીયા સાથે મંડળના પ્રમુખ હંસાબેન પટેલ, ઉપપ્રમુખ મણિકાંત લોડાયા તથા સેક્રેટરી પારસ પટેલ મંચસ્થ રહ્યાં હતાં.

કચ્છમાં એકમાત્ર બાંડીયા દેરાસરના મૂળનાયક ૧૩મા વિમલનાથની આગામી ૧૩ વર્ષ સુધીના ધ્વજાના આદેશો અપાયા હતા અને દાતા પરિવારોની અનુમોદના કરાઈ હતી. બાંડીયા મિત્ર મંડળ કમિટીના સર્વે પદાધિકારીઓએ સ્વચ્છાએ પદત્યાગ કરી નવી યંગ ટીમને મંડળના સતાસૂત્ર સંચાલનનો દોર સોંપ્યો હતો અને બાંડીયા મહાજનના પાંચ ટ્રસ્ટીશ્રીઓની વરણી પણ કરાઈ હતી.

ફાઈવસ્ટાર કેટરર્સ દ્વારા ભાવ ટુ ભાવમાં કરેલ સવારના નવકારશી, બપોરનું લિજ્જતદાર ભોજન લીધું હતું. હોસ્ટ પ્રીન્સ ધરમશીએ ગેમો રમાડી હતી. છેલ્લે બાંડીયા ગામની દીકરી અને વહુના ગ્રુપ કવિન્સ કીટી તરફથી ગામની નિયાંણીઓ અને દસ વર્ષ સુધી બાળકોને શુભેચ્છા ભેટ અપાઈ હતી. સંમેલનમાં કચ્છ, અમદાવાદ, વડોદરા, બિલીમોરા, નાશિકથી હાજરી આપી હતી.



# દક્ષિણ રત્ન મહાતપસ્વી પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ના આત્મશ્રેયાર્થે શ્રી સાંગલી સંઘમાં શ્રી શાંતિ સ્નાત્ર મહાપૂજા ભણાવાઈ





સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા.ના વિનિત શિષ્યરત્ન દક્ષિણ રત્ન, મહાતપસ્વી પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ના આત્મશ્રેયાર્થે શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘ આયોજિત ત્રિદિવસીય જિન ભક્તિ મહોત્સવે દ્વિદિવસ દિને ચતુર્વિધ શ્રી સંઘની નિશ્રામાં વિધિકાર શ્રી મેઘ નંદુના સથવારે તા.૫ માર્ચ મંગળવારના શ્રી શાંતિ સ્નાત્ર મહાપૂજન ભણાવામાં આવ્યું હતું.

# મલકાપુર નગરે વૈયાવચ્ચ પ્રેમી પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ના આત્મશ્રેયાર્થે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવામાં આવેલ

મલકાપુર નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન નિશ્રામાં વૈયાવચ્ચ પ્રેમી પ.પૂ.ગણિવર્યવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ના આત્મશ્રેયાર્થે પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજા ઉમરશી શામજી દંડ લાલા તથા ટોકરશી પાશ્વીર દંડ લાલાવાળા તરફથી ભણાવવામાં આવ્યા.



# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પુનિતભાઈ ગાલા**
તા.૩ માર્ચ (ઉ.૬૪)
મંજલ-મુંબઈ



**જયાબાઈ ધરમશી**
તા.૩ માર્ચ (ઉ.૭૯)
સાંયરા-કોચીન



**પદ્મીનીબેન લોડાયા**
તા.૪ માર્ચ (ઉ.૮૩)
સુથરી-મુલુંડ (૫)



**કૌશલ્યાબેન શિઆલ**
તા.૫ માર્ચ (ઉ.૭૬)
જખૌ-પાંચોરા



**લીલાવંતીબેન શિઆલ**
તા.૭ માર્ચ (ઉ.૭૬)
જખૌ-ગોંદીયા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO दिव्यांग

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● અબડાસા તાલુકાના દશાઈ ગામોના જૈન પરિવારો આજે પણ ખેતીમાં પ્રવૃત્ત છે. ભરતભાઈ શાહ મુંબઈ વાશીમાં એપીએમસી બજારના ચોખાના મોટા હોલસેલર વેપારી છે છતાં પોતાના વતનમાં પોતાની ખેતી કરવાનું ચૂકતા નથી. તેઓ ૪૭ એકરમાં ઘઉ અને કપાસની ખેતી કરે છે. તો ગામના શિક્ષિત યુવાન મનન લોડાયાએ સારી એવી નોકરી છોડી પોતાની વડીલોપાર્જિત ખેતી શરૂ કરી છે. ૨૦ એકરમાં વાવેતર કરે છે અને મોટી ઉપજ કરતાં હોવાનું જણાવ્યું હતું. અરવિંદ લોડાયા પણ વારાપધ્ધરના જૂના જૈન ખેડૂત છે.

● અંજારની શાળાઓના દસ હજાર જેટલા વિદ્યાર્થીઓની ચર્મરોગ તપાસ બિદડા સર્વોદય ટ્રસ્ટ અને ભારત વિકાસ પરિષદ દ્વારા સ્વામી વિવેકાનંદ વિદ્યાલય અંજાર ખાતે મેગા કેમ્પમાં કરાઈ. જેમાંથી ૧૨ જેટલા છાત્રોને વધુ સારવારની જરૂરત જણાતા બિદડામાં યોજાનારા કેમ્પમાં મોકલાવાશે તે પૈકી પાંચેકની પ્લાસ્ટિક સર્જરી કરવાનું સૂચવાયું છે. આ કેમ્પમાં એ બાબત ઉજાગર થઈ કે હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને ચેપી રોગ જેવા કે ખસ, ખાજી, માથામાં જૂ ખૂબ પ્રમાણમાં જોવા મળી. ખંજવાળ કરવાથી તેમને ગુમડાં થાય છે.

● જિલ્લા મથક ભુજ ખાતેના ૧૨ હજારથી વધુ સ્કેવર મીટરમાં ફેલાયેલા ૩ લાખ ફૂટના બાંધકામ સાથે રૂા.૪૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ અત્યાધુનિક આઈકોનિક બસ પોર્ટ તા.૧ જાન્યુઆરીથી લોકાપર્ણ પછી જનતાના ઉપયોગ માટે શરૂ થયું છે. ૨૫૦ જેટલા ટુ અને ફોર વ્હીલરનું અંડર ગ્રાઉન્ડમાં પાર્કીંગ, ૧૬ બસ એક સાથે લાગી શકે તેવા પ્લેટફોર્મ, ૩૦૦ થી ૪૦૦ જેટલા લોકો વેઈટિંગ કરતાં બેસી શકે તેવી બેઠક વ્યવસ્થા જનરલ રૂમ, ટિકીટ બુકીંગ, પાસ બુકીંગ કાઉન્ટર, વોશરૂમ, મહિલા, પુરૂષો માટે અલગ અલગ વેઈટિંગ રૂમ, કેન્ટીન, પૂછપરછ કાઉન્ટર અધિકારીઓની કચેરીઓ, ડ્રાઈવર તથા કંડક્ટર માટે આરામ રૂમ, ઉપરના માળે જવા પાંચ લિફ્ટ, એરપોર્ટ પર હોય તેવા છ એસ્કેલેટર જેવી સુવિધાઓથી યુક્ત છે.

● કચ્છ ફોટડી ગામના અને કેન્યા દેશના બંદરીય શહેર મોમ્બાસામાં વગર તાજે દાનનો દરબાર ભરતાં હસુભાઈ કાનજી પ્રેમજી ભુડીયા છેલ્લા દસ વર્ષથી દરરોજ સાંજે લાખો રૂપિયા ગરીબોને વહેંચી દાનવીર કર્ણ, લાખો ફુલાણી, જગડુશા કે ભામાશાના કલિયુગી અવતાર તરીકે પ્રસ્થાપિત થયાં છે. વતનમાં ભુજોડી ખાતે રબારી દીકરીઓના છાત્રાલયમાં સંકડાશની વાત કાને પહોંચી તો આખું છાત્રાલય ફર્નિચર સહિત કરાવી આપ્યું. ભુજમાં મધ્યમ, ગરીબ પરિવારો માટે જીવન દાતા બનેલી કચ્છી લેવા પટેલ સમાજની માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ તેમના દાદીના નામે બંધાવી આપેલ છે. મોમ્બાસામાં આફ્રિકાની સૌથી મોટી દિવ્યાંગ શાળા છાત્રાલય વિવિધ રીતે પડકાર સહેતા બાળકો માટે બંધાવી આપી છે. તો દરરોજ ૩૦ થી ૩૫ હજાર ગરીબ લોકો માટે ભોજનનો ભંડારો મિરેકલ મેદાન પર અન્નક્ષેત્ર રૂપે અવિરત છે. દૂરના ક્ષેત્રોમાં મિનરલ પાણીના ટેન્કર હજારો લોકોની તરસ છીપાવે છે. કેન્યામાં સિમેન્ટ, યુગાન્ડામાં સિમેન્ટ તથા પોલાદ ઉદ્યોગમાં ધીકતો કારોબાર કરતાં આ પરિવાર હાલ દાતારીમાં ટોચે છે.

● કચ્છને જોડતી વંદે ભારત ટ્રેન, સૌરાષ્ટ્રને જોડતી રેલસેવા અને હરિદ્વારની ટ્રેન શરૂ કરવા રેલમંત્રીને કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડાએ રેલમંત્રીને લેખિત મૌખિક રજૂઆત કરી હતી. ભાવનગર, સુરેન્દ્ર નગર ટ્રેનને મોરબી ભુજથી એક સ્ટેશન કરવા. વેરાવળથી રાજકોટ ટ્રેન ને મોરબી થઈ ભુજ સુધી લંબાવવા તેમજ પોરબંદર રાજકોટ ટ્રેનને ભુજ સુધી લંબાવવાની જરૂર હોવાની રજૂઆત કરી હતી. કચ્છથી હરિદ્વાર સાપ્તાહિક ટ્રેન શરૂ કરવાની સરકારે જાહેરાત કરી છે તે તાત્કાલિક શરૂ કરવા માટે પણ તેમણે માંગ કરી છે. જેથી ઉત્તરાખંડ, ચારધામ, ગંગા સ્નાન અને પિતૃતર્પણ તથા કથાના આયોજનો થઈ શકે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA